# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM JAMNAGAR

જામનગર નજીક આવેલા વનતારા કેન્દ્રમાં 2 હજારથી વધુ વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરના ગુજરાતનાં પ્રવાસ દરમિયાન વનતારા કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. દરમિયાન શ્રી મોદીએ અનેક વન્ય પ્રાણીઓ સાથે સમય વિતાવ્યો હતો. શ્રી મોદીએ પ્રાણીઓની હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . . .

# Kutch Ghorad samvardhan

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફની સાતમી બેઠકમાં ઘોરાડના સંવર્ધનની સૂચના આપી હતી. ગઈ કાલે સાસણમાં યોજાયેલી બેઠકમાં પ્રધાનમંત્રીએ ઘોરાડ સંરક્ષણના પ્રયાસોને વધારવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નેશનલ ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ કન્ઝર્વેશન એક્શન પ્લાનની જાહેરાત કરી હતી. તેમણે વન્યજીવ સંરક્ષણ વ્યૂહરચના અને મંત્રાલય માટે ભવિષ્યની કામગીરીની રૂપરેખા તૈયાર કરી હતી. તેમણે રીંછ , ઘરિયાલ અને ઘોરાડના સંરક્ષણ અને વિકાસ પર કામ કરવા વિવિધ કાર્યદળની રચના કરવા પણ જણાવ્યું હતું.

ચિત્તાનાં સંરક્ષણ માટે અગાઉ થયેલી જાહેરાત મુદ્દે તેમણે મધ્યપ્રદેશમાં ગાંધીસાગર અભયારણ્ય અને ગુજરાતમાં બન્નીનો ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# LOCAL BODY ELECTIONS

તાજેતરમાં યોજાયેલી રાજ્યની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીએ હવે મહત્વનાં હોદ્દેદારોની વરણી માટે ચક્રો ગતિમાન કર્યા છે. આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રદેશની સંસદીય સમિતિની બેઠક યોજાઈ હતી , જેમાં પક્ષના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય શક્તિ મંત્રી સી આર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

આવતી કાલે નગરપાલિકાઓ, જૂનાગઢ મહાનગર પાલિકા અને તાલુકા પંચાયતોની સામાન્ય સભા મળશે , જેમાં ભાજપે જીતેલી તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ટોચનાં હોદ્દેદારોની નિમણુંક થશે

. . . . . . . . . . . . .

# ARVALLI POTATO

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ બટાકા કાઢવાની શરૂઆત કરી છે . મોડાસા, ધનસુરા, બાયડ તાલુકાના ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોડાયા છે. ખેડૂતો જણાવે છે કે જિલ્લામાં એલ.આર. બટાકાનું વાવેતર સૌથી વધુ કરાય છે જેનો વેફર બનાવવા માટે ઉપયોગ થાય છે.

(બાઈટ : ચેતન પટેલ, ખેડૂત)

. . . . . . . . . . . . .

# MAHESANA- TAMAKU AAVAK

મહેસાણાના વિજાપુર તમાકુ માર્કેટયાર્ડમાં તમાકુની 1 હજાર 283 બોરીની આવક નોંધાઇ હતી. કલકત્તી તમાકુનો મહત્તમ ભાવ 2 હજાર 528 રૂપિયા જ્યારે લઘુત્તમ ભાવ 1 હજાર 580 રૂપિયાનો અને સામાન્ય ભાવ 1900 રૂપિયા રહ્યો હતો. જ્યારે ગાળીયું મળી તમાકુનો મહત્તમ ભાવ 1400 રૂપિયા, લઘુત્તમ ભાવ એક હજાર રૂપિયા અને સામાન્ય ભાવ એક હજાર બસો રૂપિયા રહ્યો હતો. ડોખરું જાતનો ભાવ 390 રૂપિયા રહ્યો હતો.

યાર્ડનાં ચેરમેન કાંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે તમાકુની ખરીદી આમ તો એપ્રિલ માસમાં કરવામાં આવે છે. પણ આ વખતે એક માસ વહેલી ખરીદી શરૂ કરાઇ છે.

. . . . . . . . . . . . .

# Bakrol jail

આણંદ જિલ્લાના બાકરોલ ખાતે ૩૭૦ કેદીની ક્ષમતા સાથે ૬૪ કરોડ 29 લાખ રૂપિયાનાં ખર્ચે તૈયાર થઇ રહેલી નવી જેલને સરકારે આણંદ જિલ્લા જેલ તરીકે જાહેર કરવાની મંજુરી આપી છે.

આણંદ જિલ્લામાં અત્યાર સુધી માત્ર બાકરોલ તાલુકા જેલ કાર્યરત હતી. હવે બાકરોલ ખાતે ફાળવવામાં આવેલી જમીનમાં ૩૭૦ કેદીની ક્ષમતા ધરાવતી નવી જેલ બનાવવામાં આવી રહી છે. જેમાં ૩૩૦ પુરુષ કેદીઓ અને ૪૦ મહિલા કેદીઓની ક્ષમતા રહેશે. ટૂંક સમયમાં જ જેલનું બાંધકામ પૂર્ણ થવાની શક્યતા છે.

જિલ્લા જેલ તરીકે જાહેર થવા માટે ઓછામાં ઓછા ૨૪૦ કેદીની ક્ષમતા હોવી જરૂરી હોય છે. આ નિર્ણયથી આણંદ જિલ્લામાં જેલ સંચાલન અને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

નવી જિલ્લા જેલ શરૂ થવાથી અત્યારે નડિયાદ જિલ્લા જેલનાં કેદીઓને આણંદ જિલ્લા જેલમાં ટ્રાન્સફર કરી શકાશે , જેના કારણે નડિયાદ જિલ્લા જેલમાં ભરાવાની સમસ્યા પણ હળવી થશે.

. . . . . . . . . . . . .

# ICC CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલ દુબઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ શરૂ થઈ છે.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ઓસ્ટ્રેલિયાએ 4 ઓવરમાં 0 વિકેટે 2 રન બનાવ્યાં છે.

આ અગાઉ જામનગર ઉત્તરના ધારાસભ્ય રિવાબા જાડેજાએ ભારતીય ટીમને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે દેશભરના લોકોને આજની મેચમાં ભારત જીતશે તેવો વિશ્વાસ છે.

(બાઇટ: રિવાબા જાડેજા, ધારાસભ્ય)

. . . . . . . . . . . . .